Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનાગતરસ રસનાયકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શાક ૧૮૧૫ જેષ્ટ શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૩ જો.

### શ્રીમદ્ગુરૂ વૃદ્ધિવિજય વિયોગાષ્ટક.

( મંદાક્રાંતા )

જે પંજાબે પ્રથમ પ્રગટ્યા જ્ઞાતીમાં ઓશવાળે,
કૃષ્ણા દેવી ધરમયશના પુત્ર જે ધર્મ પાળે;
સદ્ધર્મોમાં ગુણધર કૃપારામ નામે વિકાશે,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૧
જેણે આષ્ટાદશ વરસમાં સર્વ સંસાર છોડી,
સર્વે સંપત્ નિજ પરહરી બુદ્ધિ સન્માર્ગ જોડી;
સદ્વૈરાગ્યે ગુરૂ ચરણમાં જે ધરી શર્ણ ભાસે,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૨
શાંતી ધારી ગુણ ગુરૂ તણાં સર્વ જેમાં વસેલા,
જેથી સર્વે દુરગુણ બધા દૂર જઇને ખશેલા;
દેખી જેને કુમતિ જનની ક્રૂરતા દૂર નાશી,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૩
કાંતિ ધારી મનોહર મહા મૂર્તિ જે ભવ્ય જેની,
નિત્યે શોભે હસિતવદને શાંતતા જ્યાં ગજેની;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાણી કેરી અતિ મધુરતા જે સુધાને વિહાસે;
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૪
મોટા નાના સર્વ જનને માન આપે સુહર્ષે,
હેતે બોલી મધુર વચનો ભક્તના ચિત્તકર્ષે;
જેના ચિત્તે અચળિત સદા તુલ્ય દ્રષ્ટિ નિવાસે,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે, ૫
વિદ્વાનોના વદન નિરખી નિત્ય આનંદ પામે,
ગ્રંથો દેખી અભિનવ ઘણો હર્ષ જે ચિત્ત જામે;
તત્વો જાણી જિનમત તણા જ્ઞાન દ્રષ્ટિ પ્રકાશે,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૬
જે શિષ્યોને વિનય વધવા હેતથી બોધ આપે.
વિદ્યા કેરૂં વ્યસન કરવા મસ્તકે હસ્ત થાપે;
જેની સર્વે ઉપકૃતિ સદા શિષ્ય વૃંદે ગવાશે,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૭
વારેવારે ગુરૂવર તણી મૂર્તિ દ્રષ્ટે તરે છે;
નેત્રો તેનું સ્મરણ કરતાં અશ્રુધારા ધરે છે;
નિશ્ચે તેની શુભ શિવગતિ નર્મ દાતાજ થાશે,
તે શ્રીવૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે. ૮

## મુનીરાજ શ્રીવૃદ્ધિચંદજીના સ્વર્ગવાસ પાછળ થએલાં શુભ કૃત્યો.

**શ્રીભાવનગરમાં** ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે એક હજાર રૂપીઆ ઉપરાંતનું ફંડ કરવામાં આવ્યું છે તેમાંથી એક અઠાઇ મહોત્સવ મોટા દેરાસરજીમાં કરવામાં આવ્યો છે. શ્રાવીકા સમુદાયે એક ઉજરાણું કરીને શ્રીગોડી પાર્શ્વનાથજીને દેરે બીજો અઠાઇ મહોત્સવ કર્યો છે. અગ્નિ સંસ્કારને સ્થાનકે આરસપહાણની સ્તુપ કરાવવા માટે એક ચોતરો કરાવવામાં આવ્યો છે અને તે ઉપર દેરી પધરાવ્યા બાદ તેમાં સંગેમરમરના સુંદર આકૃતિવાળાં પગલાં પધરાવવામાં આવશે જે કે ભક્તિવંત શ્રાવક શ્રાવીકાઓને ઉપગારી પુરૂષના ચરણ કમળના દર્શનનો લાભ આપશે. ગ-

For Private And Personal Use Only

હારાજશ્રીનું જન્મ ચરિત્ર છપાવવાનો પ્રયત્ન શરૂ છે તે પણ સજ્જનોને અત્યંત હિતકારક થઈ પડશે.

**શ્રીમુંબઈમાં** ગયા અંકમાં જણાવ્યા મુજબ **ફેટલીઓ** બજારો ખાસ મહારાજશ્રીના સ્વર્ગવાસની દિલગીરી નિમિત્તે **બંધ રાખવામાં** આવી હતી અને જુદાં જુદાં ઉપાશ્રયોથી સુમારે એક **હજાર લગભગ** રૂપીઆ જીવ દયાના નિમિત્તમાં વપરાયા છે.

**શ્રીવળામાં** શ્રાવક સમુદાયે બહુ સારૂં ફંડ **કર્યું છે** જેમાં રૂ ૧૭૦૦ ને સુમારે ઉત્પન્ન થયા છે. તેમાં એક અઠ્ઠાઇ મહોત્સવ બહુ વિશેષ ભક્તિ પૂર્વક કરવામાં આવ્યો છે જેમાં જળયાત્રાનો વરઘોડો **ચઢાવીને** એક નવકારસી પણ જમી છે. આઠ દિવસ સુધી ગરીબ ગરબાંઓને અન્નવસ્ત્ર ના-થાં દાણા આપવામાં આવ્યા છે. વિશેષ ઉત્તમકાર્ય મહારાજશ્રીના નામથી **“ મુનિવૃદ્ધિચંદ્રજી જૈન પુસ્તકાલય ”** ઉઘાડવામાં આવ્યું તે બન્યું છે. વદ ૪ શુક્રવારે પુસ્તકાલયના સ્થાપન સમયે પુસ્તકાલય માટે તૈયાર રાખેલાં પુસ્તકો પ્રથમ કબાટમાં મુકવા અને પુસ્તકાલય ઉઘાડવાને માટે ઘી બોલાવતાં ૧૫૦ મણે શા. **કલ્લુ** ઘેલાની વિધવા બાઈ **સુંદરને** આદેશ આપવામાં આવ્યો અને તેમણે પ્રથમ પુસ્તકો પધરાવ્યાં એ વખતે ઉત્પન્ન થએલા ઘીની ઉપજના રૂ ૨૦૦) પણ પુસ્તકાલયમાંજ વાપરવાનો નિર્ણય થયો છે. ઉપરાંત શ્રીસિદ્ધાચળજીના દર્શન કરવા જવાને ઠેકાણે એક દેરી કરાવીને તેમાં મહારાજશ્રીના પગલાં સ્થાપન કરવાનું ઠર્યું છે વળાના શ્રાવક વર્ગે પોતાનો ભક્તિ ભાવ બહુ વિશેષ પ્રકારે બતાવી આપ્યો છે.

**શ્રીલીંબડીમાં** ખબર પહોંચ્યા તે દીવસ વ્યાપારીની દુકાનો અને આઢના વરખાઓ, જીન વિગેરે તમામ આરંભના કાર્યો બંધ રહ્યા છે. તેમાં જીનના ઉપરી શેઠ અરદેશરજી પારશીએ બહુ સારી ઉદારતા દર્શાવી છે. પોતાને એક દીવસની રૂ ૧૦૦ થી ૨૦૦ સુધીની કમાણીનો ભાગ શ્રાવક વર્ગના કહેવા ઉપરથી આવા ઉત્તમ પુરૂષની દીલગીરી માટે ભોગ આપ્યો છે. તે ઉપરાંત શ્રાવકોએ એમની નુકશાનીના સહજ બદલામાં રૂ. ૭૫) તેમની પાસે મુકયા તે પણ તેમણે તરતજ ખાકડોરને કપાશીયા વિગેરે મોકલાવવા માટે પાછા આપ્યા છે. આવા ઉદાર મનુષ્યો પણ હોય છે. સંઘ તરફથી પણ આંગી પુજા અને જીવ દયાના કાર્યો સારી રીતે બન્યા છે.

**શ્રીઅમદાવાદમાં** આંગી પુજા અને જીવ દયા સંબંધી વ્યય ઠીક થયો છે અને તે દિવસે માણેકચોકની દુકાનો બંધ રાખવામાં આવી હતી.

**શ્રીખંભાતમાં** તે દિવસે આંગી પૂજા ઉપરાંત જીવદયાના કાર્યો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ પ્રકારે બન્યાછે અને પાછળથી એક અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યોછે

**શ્રીધોલેરામાં** બજારમાં દુકાનો તથા બાકીના તમામ આરંભના કામો બંધ રહ્યા હતા તથા આંગી પુજા અને જીવદયાના નિમિતમાં ૩૧૦૦ ઉપરાંત ખર્ચ કરવામાં આવ્યો છે,

**શ્રીમહુવામાં** આખા શેહેરમાં તમામ દુકાનો બંધ રાખવા ઉપરાંત આઢ, જીન, પ્રેસ વિગેરે તમામ આરંભના કાર્યો બંધ રહ્યા હતા. જીવદયાના નિમિત્તમાં પણ સારો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રીગોઘામાં** હડતાળ પાડવામાં આવી હતી. શ્રાવણુભળીમાં પણ દિવસ સુધી અમર પળાયો છે. શ્રી પાલીતાણામાં અઠ્ઠાઇ મહોત્છવ થયો છે. શ્રી ધોરાજીમાં પણ અઠ્ઠાઇ મહોચ્છવ થયો છે. શ્રી બોટાદમાં દુકાનો બંધ રાખવામાં આવી હતી તે શિવાય શ્રી શીહોરમાં અઠ્ઠાઇ મહોત્સવ થયો છે અને વઢવાણ વિગેરે શેહેરોમાં તથા બરસપરૂં, સજોસરા વિગેરે ગામગામમાં પણ વિશેષ પ્રકારે આરંભના કાર્યો બંધ રહ્યાછે અને ગોઘા, વણુથળી, પાલીતાણા, ધોરાજી, બોટાદ, શીહોર, વઢવાણ વિગરે તમામ શેહેરોમાં સારી રીતે ઉજવરાણું કરવામાં આવ્યું છે તેમાં આંગી પુજા તથા કુતરાઓને રોટલા, ગરીબ ગરીબાઓને અન્ન વસ્ત્ર તથા ઢોડાઢોરને ખડ કપાશીયા વિગરે જીવદયાના કાર્યો અનેક પ્રકારે બનાવવામાં આવ્યા છે. તેનું વિસ્તારથી વર્ણન કરવાની જરૂર નથી કારણ કે ઉત્તમ પુરૂષની પુન્ય પ્રકૃતિ વડે તેમની પાછળ પણ અનેક પ્રકારના શુભ કાર્યો બનીજ આવે છે. પુન્યવંતની બલીહારી છે. કિં બહુના !

---

# माया.

## શ્રી મલ્લીનાથજી ચરિત્ર.

( પુ. ૮ માને પાને ૧૮૨ થી. )

જે વખતે પાંચ રાજાઓના પાંચ દુત મિથિલા નગરીમાં આવ્યા તે જ વખતે પાંચાળ દેશના **જિતશત્રુ** રાજાનો છઠો દુત પણ આવ્યો તેનું આગમન કારણ આ પ્રમાણે—

મિથિલા નગરીને વિષે **ચોખા** નામે પરિવ્રાજકા વસે છે. વેદાદિક શાસ્ત્રોની જાણ છે અને ઘણા રાજાઓની પાસે તેમજ શેઠ સાર્થવાહાદિકની પાસે પણ દાનધર્મ અને શૌચ ધર્મનો ઉપદેશ દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકદા તે સન્યાસીણી ત્રિદંડ કુંડિકા વિગેરે પોતાના ઉપગરણો સહિત ગેરૂએ રંગેલા વસ્ત્રો ધારણ કરી કેટલીક સન્યાસીણીના પરિવારે પરવરી સતી જ્યાં કુંભ રાજાનું રાજભુવન છે અને જ્યાં કન્યાઓનું અંતેઉર છે ત્યાં આવી. પ્રથમ જમીન ઉપર પાણીનો છંટકાવ કરી ઉપર ડાભ પાથરીને તે આસન ઉપર બેઠી અને મલ્લિકુંવરીની સમિપે દાનધર્મ તથા શૌચધર્મની પ્રરૂપણા કરી. શૌચધર્મમાં વિશેષ પ્રકારે પવિત્રતા રાખવાનો તેમજ અનેક તીર્થોના જળમાં સ્નાન કરવાનો આદેશ કર્યો અને ધર્મ પણ તેજ છે એમ કહ્યું. મલ્લિકુંવરીએ તેને પૂછ્યું કે "હે પરિવ્રાજકા! તમારો શું મૂળ ધર્મ?" ચોખા બોલી કે "દેવાનુપ્રિયે! અમે શૌચ મૂળ ધર્મ કહીએ અને તેથીજ પ્રરૂપણા હું કરૂં છું. અમો જે કાંઇ અપવિત્ર હોય તે માટીએ કરી–પાણીએ કરી શુદ્ધ પવિત્ર કરીએ અને એ પ્રમાણે શૌચ મૂળ ધર્મને આચરતા છતાં વિઘ્ન રહીત પણે શિઘ્ર સ્વર્ગમાં ગમન કરીએ." આ પ્રમાણેની તેની પ્રરૂપણાને સાંભળીને મલ્લિકુંવરીએ તેની પ્રત્યે કોમળ આમંત્રણપૂર્વક કહ્યું કે "હે ચોખા! કોઇ પુરૂષ લોહીએ ખરડાયેલા વસ્ત્રને લોહીવડેજ ધુએ તો શું તે નિર્મળ થાય? ન થાય. તેમ અઢારે પાપસ્થાનકોને સેવવે કરીને આઠ કર્મરૂપ મેલની શુદ્ધિ ન થાય. તમે મૃતિકા કે જળાદિકે શરિર, વસ્ત્ર કે ભુમિને પવિત્ર કરો તેથી કાંઇ આત્મા પવિત્ર થતો નથી. આત્માને લાગેલો આઠકર્મ રૂપ મેળ તે પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય પર્યંત અઢાર પાપસ્થાનકના નિરંતરના સેવન થકી પૂર્વોક્ત રૂધિર ખરડીત વસ્ત્રને રૂધિરમાંજ ધોવાથી જેમ ઉલટું વધારે વ્યાપ્ત થાય છે તેમ વધારે વ્યાપ્ત થાય છે તેથી આત્મા વધારે મલીન થાય છે. માત્ર બાહ્ય પવિત્રતાથી આત્માની શુદ્ધિ થતી નથી અને સ્વર્ગ પણ મળતું નથી માટે હે ચોખા! તારો ઉપદેશ મિથ્યા છે."

આ પ્રમાણેના **મલ્લિ** કુંવરીના યુક્તિ યુક્ત વચનોને **સાંભળીને ચોખા** પોતાના મનમાં સંદેહવાળી થઇ, આકાંક્ષાવંત ગઇ, હૃદય ભેદ પામ્યું, કલુષીત ચિત્ત થયું અને લગાર માત્ર ઉત્તર દેવાને સમર્થ ન થઇ. આમ નબ્ધ થઇ જવાથી મલ્લીકુંવરીની અનેક દાસીઓએ અનેક પ્રકારે તેની અવહીલના કરી અને ત્યાંથી કાઢી મુકી એટલે તે પણ હીલના પામી સતી, નિંદા પામી સતી અને ઘણી ક્રોધવંત થઇ સતી **મલ્લિકુંવરીની** ઉપર અત્યંત પ્રદ્વેષ ધરતી ત્યાંથી નીકળી અને તત્કાળ પોતાના પરિવાર સહીત તે મિથિલા નગરીનો ત્યાગ કરી જ્યાં પાંચાળ દેશમાં કંપીલ્યપૂર નામે નગર છે ત્યાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંપિલ્યપૂરમાં અનેક શેઠશાહુકારો પ્રત્યે દાનધર્મ, શૌચધર્મ અને તીર્થ સ્નાન વિગેરેનો ઉપદેશ દેવા લાગી. એકદા જ્યાં **જિતશત્રુ** રાજાની રાજ સભા છે ત્યાં પરિવાર યુક્ત આવી અને રાજા પ્રત્યે જય વિજયાદિ શબ્દવડે આશિર્વાદ દઈ વધાવ્યા એટલે રાજાએ પણ પોતાના સિંહાસનથી ઉભા થઇને તેનો આદર સત્કાર કર્યો તેને માટે આસન મંડાવ્યું અને બેસવાની નિમંત્રણા કરી એટલે તે **ચોખ્ખા** પ્રથમ પાણીના છાંટા દઇ દર્ભ પાથરીને બેઠી. રાજા પ્રતે અંતેઉર પર્યંત સઘળા કુશળ સમાચાર પુછ્યા. પછી પોતાના દાનધર્મ શૌચધર્મનો ઉપદેશ કર્યો. ત્યાર પછી **જિતશત્રુ** રાજા પોતાના અંતેઉરને વિષે રાણીઓની ઉપર અત્યંત મોહ પામેલો હોવાથી **ચોખ્ખા** પ્રત્યે પુછવા લાગ્યો કે "હે પરિવ્રાજકા ! તમે બહુ નગર ગ્રામ અને સન્નિવેશોમાં પરિભ્રમણ કરોછો તો તેમાં કોઈ પણ સ્થાનકે કોઇપણ રાજાના અંતેઉરમાં મારી અંતેઉરીઓની જેવી રાણીઓ તમે દીઠી છે ?" આ પ્રમાણેના તેના વચનોને શ્રવણ કરીને કાંઇક હાસ્યપૂર્વક ચોખ્ખાએ કહ્યું કે "હે રાજન્ ! તું કુપમંડુક સરખો છે જેમ એક કુપમંડુક સમુદ્રના મંડુકની ભેગો થયો અને પુછ્યું કે તું સમુદ્રમાં રહે છે તો તે સમુદ્ર કેવડો છે ? તેણે કહ્યું કે બહુ મોટો છે.' કુપમંડુકે પોતાના બે પગની ફાળ ભરીને કહ્યું કે 'આવડો મોટો છે ?' પેલાએ કહ્યું કે 'નહીં બહુ મોટો છે ?' ફરીને કુપમંડુક કુવાના એક કાંઠાથી સામા કાંઠા સુધી ગયો અને કહ્યું કે 'ત્યારે શું આવડો મોટો છે ?' પેલો બોલ્યો કે 'એથી તો અત્યંત મોટો છે.' આ વચન સાંભળીને કુવાના દેડકાને રીસ ચડી અને કહ્યું કે 'જા જા તુ કોઈ મુર્ખ જણાયછે. આ કુવા કરતાં પણ તારો સમુદ્ર મોટો છે એ કેમ મનાય !' આ પ્રમાણે હે **જિતશત્રુ** રાજા ! તું પણ બીજા રાજાઓ અને શેઠ શાહુકારોની સ્ત્રીઓને, બહેનોને, પુત્રીઓને અને વહુઓને દીઠા વિના તારા અંતઃપુર જેવું બીજા કોઇનું અંતઃપુર નથી એવું અભિમાન કરે છે પણ તેમ નથી. વધારે તો શું પણ માત્ર એક મિથિલા નગરીના **કુંભ** રાજાની **પ્રભાવતિ** રાણીની આત્મજા **મલ્લી** નામે કુંવરીછે તેના અંગુઠાના દુર કરેલા નખની સુંદરતાને તુલ્ય પણ તારું અંતઃપુર નથી. એમ **મલ્લિ** કુંવરીની સરખી કોઇદેવકન્યા કે નાગકન્યાપણ નથી." આ પ્રમાણેના વચનો કહીને પોતાના મનોરથ રૂપ વૃક્ષને હવે ફળ બેસશે એવી ઇચ્છા ધારણ કરતી સતી તે **ચોખ્ખા** પરિવ્રાજકા ત્યાંથી ઉઠી અને **જીતશત્રુ** રાજા હવે હરેક પ્રકારે **મલ્લી**કુંવરીને ગ્રહણ કરશે એવી આશાવડે રળીયાત થઇ સતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને સ્થાનકે ગઈ.

**જીતશત્રુ** રાજા ચોખાને મુખેથી **મલ્લીકુંવરી**ની વાર્તાને સાંભળીને પૂર્વભવના સ્નેહથી તત્કાળ તેના ઉપર રાગવંત થયો અને તરતજ પોતાના દૂતને બોલાવીને પૂર્વલા રાજાઓની પેઠે **મલ્લીકુંવરી**ની યાચના કરવા સારૂ તેને જવા આજ્ઞા કરી. તે પણ શિઘ્રપણે મિથિલા નગરીએ આવ્યો.

## ઇતિ ષષ્ટ દૂતાગમન.

એ પ્રમાણે છએ દૂતોએ આવીને મિથિલા નગરીની બહારના વન ખંડમાં જુદા જુદા ઉતારા કર્યા અને પછી પૃથક પૃથક છએ દૂતોએ **કુંભરાજા**ની રાજ સભામાં આવીને પોતપોતાના રાજાઓને માટે એક પછી એક એમ **મલ્લીકુંવરી**ની માગણી કરી.

**કુંભરાજા** તે છએ દૂતોના વચનો સાંભળીને બહુજ ક્રોધાયમાન થયો અને કહ્યું કે "હું તમારા છએ રાજાઓમાંથી કોઈને પણ મારી પુત્રી આપવાનો નથી" આ પ્રમાણે કહીને તેમને અપમાન પૂર્વક પાછલે દ્વારેથી કાઢી મુકયા. તેઓ પણ અપમાન પામ્યા સતા તત્કાળ **મિથિલા**નગરીમાંથી નીકળીને પોતપોતાના રાજાઓની સમિપે આવ્યા અને વૃત્તાંત નિવેદન કર્યું કે "અમે જુદા જુદા છ રાજાઓના દૂતો એક દિવસેજ **મિથિલા** નગરીમાં **કુંભરાજા**ની રાજસભામાં એકઠા થયા હતા. અમે છએ જણાઓએ **મલ્લીકુંવરી**ની માગણી કરી, **કુંભરાજા**એ છએ દૂતોને **મલ્લીકુંવરી** આપવાની ના કહેવા સાથે અપમાનીને કાઢી મુકયા માટે હે રાજન્! તમને **મલ્લીકુંવરી** પ્રત્યે **કુંભરાજા** પરણાવશે નહીં." આ પ્રમાણેના દૂતવચનોથી તે છએ રાજાઓ ક્રોધાયમાન થયા અને પ્રથમ તો પરસ્પર બીજા પાંચે રાજાઓને તેમણે દૂત મોકલી કહેવરાવ્યું કે "**કુંભ**રાજાએ આપણું અપમાન કર્યું છે માટે આપણે લશ્કર લઈને એકઠા થઈ તેની ઉપર ચઢાઈ કરી અને તેમને પકડવા." પરસ્પરના સંદેશાથી છએ રાજાઓએ એ વાત કબુલ કરી.

**જીતશત્રુ** વિગેરે છએ રાજાઓએ યુદ્ધની સામગ્રી તૈયાર કરી. ચતુરંગીણી સેના લઈ પોતે સન્નદ્ધબદ્ધ થઈ, કવચટોપ વિગેરે ધારણ કર્યું અને હસ્તિ ઉપર બેસી પુષ્પ માળા કંઠમાં ધારણ કરી છત્ર ચામર ધરાવતે પોતપોતાના નગરની બહાર નીકળ્યા. છએ રાજાઓનું સૈન્ય એકઠું થયું અને મિથિલા તરફ ચાલવા માંડ્યું.

અહિં મિથિલા નગરીમાં **કુંભરાજા**ને એ વાતની ખબર પડી એટલે તેણે પણ પોતાના સેનાનીને બોલાવીને અશ્વ, હસ્તી, રથ તથા સુભટો એમ ચાર પ્રકારની સેના તૈયાર કરવાની આજ્ઞા કરી. પોતે પણ સ્નાન કરી, વસ્ત્રાલંકાર ધારણ કરી, સન્નદ્ધબદ્ધ થઈ, મસ્તકપર છત્ર ધરાવતો અને શ્વેત ચામર વિંઝાતો નગરની બહાર નિકળ્યો. અનુક્રમે જ્યાં **વિદેહદેશ**-

For Private And Personal Use Only

ની સીમા હતી ત્યાં સુધી આવીને **જીતશત્રુ** વિગેરે રાજાઓની રાહ જોતો પડાવ નાખીને રહ્યા.

**જીતશત્રુ** વિગેરેના સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યા. અને યુદ્ધ શરૂ થયું. છ રાજાઓના એકઠા થએલા પુષ્કળ સૈન્યની સામે **કુંભ** રાજાનું સૈન્ય ટકી શક્યું નહીં, અનેક પ્રકારનો પરાભવ પામીને પાછું હટ્યું. **કુંભ** રાજાએ જાણ્યું કે હવે આમની સામે ટકી શકાય તેમ નથી એટલે એકદમ અત્યંત શીઘ્ર ગતિએ પાછો વળ્યો અને સૈન્ય સમેત પોતાની મિથિલા નગરીમાં પ્રવેશ કરી દ્વાર બંધ કરાવ્યા. ગઢની ઉપર નાળ ગોળા અને ગોફણો વિગેરે સજ્જ કરાવી અંદર રહ્યા.

**જિતશત્રુ** વિગેરે રાજાઓ પણ **કુંભ**રાજાના પાછા હઠવાના સમાચારને જાણી લશ્કર સહીત તેની પાછળ આવ્યા અને **મિથિલા** નગરીની ફરતો પડાવ નાંખ્યો. નગરમાંથી કોઇ પણ મનુષ્ય બહાર નીકળી શકે નહીં તેમ અંદર પણ કોઇ જઇ શકે નહીં એવો મજબુત બંદોબસ્ત કર્યો.

**કુંભ**રાજાએ નગરીમાં રહ્યા સતા છએ રાજાઓના અનેક પ્રકારે છીદ્રો જોવા યત્નો કર્યા. બહુ બુદ્ધિ ચલાવી પરંતુ કોઇ પ્રકારના છીદ્રો પામ્યા નહીં એટલે ખીન્ન થઇ ગયા. ચિંતાતુર મનવાળા થયા અને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યા.

આવી સ્થિતિમાં **કુંભ**રાજા પોતાની રાજસભામાં બેઠેલા છે તેવે સમયે **મલ્લી**કુંવરી અનેક પ્રકારના સુશોભીત વસ્ત્રાભરણોને ધારણ કરી પોતાની દાસીઓના પરિવારે પરવરી સતી રાજસભામાં આવી અને પિતાના ચરણને ગ્રહણ કરી પગે લાગી. તે સમયે **કુંભ**રાજા અત્યંત ચિંતાગ્રસ્ત હોવાથી તેણે **મલ્લી**કુંવરીને આદર દીધો નહીં, બોલાવી નહીં, તેમ આવી પણ જાણી નહીં. પિતાને આ પ્રમાણે ચિંતા સમુદ્રમાં ગરક થઇ ગએલા અને મૌન ધારણ કરેલા દેખીને **મલ્લી**કુંવરી બહુ સુકોમળ અને મિષ્ટ સ્વરે બોલી,

અપૂર્ણ.

# विद्या.

(विद्याहि परमं बलम्.)

इस असार संसारमें कीडीसें लगाकर हाथी पर्यंत जीतने जीव हैं वे सब सुखकी वांछा और दुःखकी निर्वृत्ति चाहते है, और असि मसि कृषि वाणिज्य शिल्पादिक जीतने कार्य कर रहे है वे केवळ सुखके अर्थिही कर रहे है मगर दुनियामें किसीको

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हम सुखी नहिं देखते इस कारण भले प्रकार मालूम होता है कि जो कार्य प्राणी मात्र कर रहे है वे सुखके कारण नहीं क्योंकि सुखका लक्षण तो निराकुलता है. सो वह निराकुलता सर्वथा तो मोक्षमें हैं. और कुछ कुछ ज्ञानी पुरुषोंके हृदयमें वास है. इस हेतु भले प्रकार सहजी ज्ञात होता है कि निराकुलताका हेतु केवळ मात्र ज्ञान है. अत एव प्राणीमात्रको ज्ञानोत्पत्तिके लिये तन मन धनसें तीनों काळ प्रयत्न करना उचित है.

अब जानना चाहिये कि ज्ञान प्राप्ति कैसें हो सक्ती है सो हमारी समजमें शिवाय शास्त्र पठन श्रवणसें होना असंभव है. और शास्त्रका पढना सुनना विना विद्याके कभी नहीं हो सकता और न कोइ और सांसारिक वाणिज्यादिक कार्य ही बन सकता. इस कारण हमको विद्याके प्रचार करनेमें निरालस्य होकर तन मन धनसें उद्यम करना चाहिये. परंतु हम चौतरफ दृष्टि करके देखते है तो हमारी जैन समाजमें विद्याके प्रचार करनेमें किसिकोभी तत्पर नहि देखते.

क्या हमारे जैनी भाइ यह नहीं जानते? कि विद्याके बळमें ही थोडेसे अंग्रेज लोग इस भारत वर्षके २८ करोड मनुष्योंपर हुकम चला रहे हैं, क्या यह नहि जानते? कि विद्या बळसेंही ये जंगलके रहेनेवाले आज बडे बडे राजाधिराजोंपर हुकम चलाते हैं और राजा महाराजाओंको काले पानीका त्रास तथा फांसी तक दे देते है: या यह नहि जानते कि रेल्व तार घडीआळ आदि कैसें अलौकीक पदार्थ बनाये हैं जिनकी कारीगरीको देखकर भोले मनुष्य उनको दुसरा परमेश्वर समझते है. क्या यह नहि शोचतेकि विद्या बळसेंही विविध वाणिज्यादि कौशलसें सारे हिंदुस्थानका धन लेजा लेजा कर अपने देशको स्वर्गपुरी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सम सजा रहे है? क्या यह नहीं देखते कि विद्याही केवळसें इसाइ और ब्रह्मसमाज और दयानंदी वगेरह मजहब (मत) हमारे सारे देशमें देखते देखते फेल गया. भला बतला सकते होकि अमुक कार्य तो विनाविद्या बळकेही हो गया है? फिर क्यों नही कह सकते कि "विद्याहि परमं बलम्" जब विद्याही परम बळ समझा गया तो फिर क्यों नहीं हमारे जैनी भाइ विद्योन्नतिकी तरफ दृष्टि करते और क्यों नहीं जैन पाठशाळायें तथा जैन कॉलिज स्थापन करकें विद्याकी उन्नति करते? क्या कोइ महाशय है? जो इस प्रश्नका उत्तर दे कर हमारा संदेह भंजन करे.

मु. मुरादाबाद. } जैनीभाइयोंका शुभ चिंतक दास. पन्नालाल जैन.

# संबोध सत्तरी

અનુસંધાન પુ. ૮ માના પૃષ્ટ ૧૮૭ થી.

પૂર્વે ૭૩ મી ગાથાના ભાવાર્થમાં પાંચ પ્રકારના પ્રમાદ જે કે પ્રાણીઓને સંસારને વિષે પરિભ્રમણ કરાવનારા છે તેમાંથી મદ, વિષય અને કષાય એ ત્રણ પ્રમાદનું વર્ણન કરેલુંછે. હવે ચોથા પ્રમાદ સ્થાનકે નિદ્રા છે. નિદ્રા પ્રાણીને સંસારમાં પરિભ્રમણ કરાવવાનું પ્રબળ સાધન છે. નિદ્રાને વિષે પ્રાણી અનેક પ્રકારના કર્મ બાંધે છે તેમજ નિદ્રાના પ્રબળપણાથી પોતાના કર્ત્તવ્યથી વિમુખ થઇ જાય છે અને ચૌદપૂર્વી મુની મહારાજ પણ નિગોદાદિકને વિષે જાય છે ✻

નિદ્રા મુખ્ય પાંચ પ્રકારની છે. ૧ નિદ્રા, ૨ નિદ્રા નિદ્રા, ૩ પ્રચળા ૪ પ્રચળા પ્રચળા અને ૫ થિણદ્ધી. જે નિદ્રામાંથી પ્રાણીને સુખે જગાડી શકાય તે નિદ્રા, દુખે જગાડી શકાય તે નિદ્રા નિદ્રા, ઉઠતાં બેસતાં નિદ્રા લીધા કરે તે પ્રચળા, અશ્વની જેમ ચાલતાં પણ ઉંઘ્યા કરે તે પ્રચળા પ્રચળા અને દિવસમાં ચિંતવેલા વિચારનો નિદ્રામાં અમલ કરો અર્થાત્

✻ આવા ભાવાર્થનીજ આની પછીની ૭૪ મી ગાથા છે તે નિદ્રા વિકથા સંબંધી વિવરણ લખાયા પછી લખાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિદ્રામાં છતાં અનેક પ્રકારના પરાક્રમવાળા તેમજ હિંસક વિગેરે કાર્યો કરવા તે બળદેવ જેટલા બળવાળી થિણુદ્ધી નિદ્રા જાણવી.

નિદ્રાથી થતી હાનીના સંબંધમાં શ્રી ભુવનભાનુ કેવળીના ચરિત્રમાં એક ભાગમાં સારૂં વર્ણન આપેલું છે.

"બ્રહ્મપુર નામે એક સુંદર શહેર છે. ત્યાં સુંદર નામે ધનવંત શ્રાવક વસે છે સૌ શ્રેષ્ઠીઓમાં મુખ્ય છે. તેને ધના નામે ભાર્યા છે તેના ઉદરથી પુંડરીક નામે પુત્ર ઉત્પન્ન થયો. તે પુત્ર બાલ્યાવસ્થાથી બહુ બુદ્ધિનો નિધાન છે તેથી થોડા વર્ષમાં અનેક પ્રકારની કળાઓ અને વિદ્યાઓ શીખ્યો. ગુણવંતમાં પણ મુખ્ય ગણાયો. બુદ્ધિના બળથી શિખેલી વિદ્યા વડે તેને તૃપ્તિ થઇ નહીં તેથી તેણે મુનિ મહારાજને પુછ્યું કે આપણા જૈન શાસ્ત્રોમાં સર્વ વાતનો સમાવેશ શેમાં છે? મુનિએ કહ્યું કે દ્વાદશાંગીમાં ચૌદ પૂર્વ મુખ્ય છે અને તેમાં સર્વ પ્રકારની વિદ્યા ભરેલી છે. તે સરખું અન્ય શાસ્ત્ર નથી. પૂર્વની આવી મહત્વતા સાંભળીને તેણે તેનું પ્રમાણ પુછ્યું એટલે મુનિએ એક હસ્તિ પ્રમાણ મશીવડે પહેલું પૂર્વ લખાય અને તે કરતાં બમણા બમણા વડે બીજા પૂર્વો લખાય આ પ્રમાણે અનુમાન છે પરંતુ કોઇએ લખ્યા નથી, મુખ પાઠેજ ભણાયછે એમ કહ્યું. ગુરૂ મહારાજને મુખેથી આ પ્રમાણે શ્રવણ કરીને તેની ઇચ્છા વૃદ્ધિ પામી અને ભણવાની ઇચ્છા બતાવી ગુરૂ મહારાજાએ કહ્યું કે દ્વાદશાંગી ભણવાનો ગૃહસ્થનો આચાર નથી એટલે તેણે મુનિપણું અંગીકાર કરવાની ઇચ્છા જણાવી. માતા પિતાની અનુમતિ લઇને મહા મહોત્સવ પૂર્વક દિક્ષા લીધી ત્યારપછી અલ્પ દિવસ વડે ચૌદ પૂર્વ ભણી દ્વાદશાંગીના પારગામી થયા.

હવે તે પ્રસંગે મહા મોહરાજાએ તે પુંડરિક મુનિને ચારિત્રને વિષે તેમજ દ્વાદશાંગી તથા ચૌદ પૂર્વના અભ્યાસને વિષે તન્મય જાણીને પોતાની રાજ્યસભામાં સૌ સામંતોના દેખતાં મોટો નિશ્વાસ મુક્યો. એટલે સર્વે સેવકજનોએ હાથ જોડીને પુછ્યું કે હે રાજેંદ્ર! તમે શા દુઃખવડે લાંબો નિશ્વાસ મુકો ? સેવકોના પ્રશ્નને સાંભળીને દિલગીરીમાં નિમગ્ન થઇ ગયેલા મોહ રાજાએ કપાળે હાથ દઇને કહ્યું કે "હવે મોત આવ્યું, પંખીને ઉડાડવા ગોફણ ઉગામેલી ગોળા સાથે નાશ તેમ થયુંછે. તમે જાણો છો કે સદાગમ ( શ્રુતજ્ઞાન) નિરંતર અમારો વૈરી છે અને આ સંસારી જીવ અભેદ બુદ્ધિએ તેની સાથે મળી ગયો છે હવે સદાગમ તેની પાસે અમારા સર્વે મર્મ પ્રકાશ કરશે અને તે જીવ અન્ય સર્વ જીવોને જણાવશે એ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટલે ચારિત્ર ધર્મ રાજા હૃદયમાં બહુજ હર્ષિત થશે. પછી સર્વે મળીને મારા પુત્ર પૌત્રાદિક ગોત્રનું નિકંદન કરશે. આ પ્રમાણે મારા વંશોચ્છેદ થશે. એ દુઃખથી હું નિશ્વાસ મુકું છું. વળી આ આખી સભામાં એવા કોઇ દેખાતો નથી કે જે સંસારી જીવ અને સદાગમનો મળેલો સંયોગ તોડાવે " આ પ્રમાણે પોતાના સ્વામીને સખેદ દેખીને પર્ષદાના લોકો સર્વે ઝાંખા થયા.

તે પ્રસંગે મોહરાજાના ડાબા પડખામાંથી ઉંઘ, આળસ, વિકળતા, અંગભંગ, સ્વપ્ન, ઝંખના, ભ્રમ, શુન્યતા, અને [1]જૃંભાદિક પરિવાર સહિત નિદ્રા નામે સ્ત્રી ઉઠી અને હાથ જોડીને બોલી કે "હે સ્વામી ! એ અનાથ પ્રાણિનો શો આશરો છે ! એ કામ તો આ તમારી દાસીથી સિદ્ધ થાય તેવું છે તો એ વાતની તમારે શી ચિંતા છે ? એ તો હણવો ઉંદર અને ખોદવો ડુંગર તેના જેવું છે. વળી ફોડા ઉપર કટક શું અને તાજા તૃણને ઉખેડવામાં કુહાડાનું શું કામ? માટે તમે ચિંતા કરવી પડી મુકો. તમારા નામ પાસે નમે નહીં એવું જગતમાં કોણછે? કાલે શું નથી જોયું કે અગ્યારમા સોપાન (પગથીયું-ગુણઠાણું ) થી મુચ્છાએ મળે ઝાલીને ફેંકી દીધો ! માટે કોઇ વાતની ફીકર ન કરો. " આ પ્રમાણેના નિદ્રાના હિમ્મત ભરેલા વચનો સાંભળીને મોહ રાજાની દીલગીરી ઉડી ગઇ અને મોઢું હસતું કરી નિદ્રાને આશિશ દીધી કે " જા, તારી મનકામના સિદ્ધ થાઓ. " આ પ્રમાણેના આદેશને પામીને તે પાપીણી તરતજ જ્યાં પુંડરિક મુનિ છે ત્યાં પોતાના પરિવાર સહીત જઇ પહોચી અને પ્રથમ આળસને તેના શરીરમાં પ્રવેશ કરાવ્યો જ્યારે આળસનો ઉદય થયો ત્યારે પરાકાષ્ટાએ સુત્ર તો સંભારે પણ અર્થ લેતાં-વિચારતાં વિશેષ આળસ થાય અને તેમ થવાથી ઉત્સુત્ર બોલાય. બે ચાર દિવસ થયા એટલે સ્થવિરે તેને સ્થીર કરીને ગણવા બેસાડયો પણ આળસના જોરથી તેને અભ્યાસ ઉપર અણગમો થયો.

કાંઇક પોતાના પંજામાં સપડાયો એટલે પછી નિદ્રાએ સર્વ પરિવારને તેના ઉપર પ્રેરી દીધો એટલે તે પરિવાર સમકાળે સર્વાંગે વ્યાપી ગયો. જોરથી બગાસાં આવવા માંડયા. વાંસો મરડવા લાગ્યા. ઉંઘના બળથી હાથ પગ અને મસ્તક વિગેરે અંગો કંપવા લાગ્યા. ઉંચા હાથ કરી કરીને આળસ મરડવા લાગ્યા. આંગળીઓના કરડકા મોડવા લાગ્યા. એમ કરતા કરતાં ભુતાવેશની પેઠે નિદ્રાના આવેશથી ધ્રુજતા ધ્રુજતા ધરણી ઉપર

1 બગાસા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢળી પડયા. સ્થવીર મુનિ તેને ભણાવવા–પાઠ કરાવવા ઘણો પ્રયાસ કરવા લાગ્યા પરંતુ તેને એક અક્ષર માત્ર ઉચ્ચારણ કરવો પણ ભારે થઇ પડયો. દિવસાનુદિવસ તે નિદ્રામાં વધારે વધારે ઘેરાવા લાગ્યા. પશુની પેઠે નિદ્રાનો આવેશ નિરંતર રહેવા લાગ્યો, સંથારા વિના જ્યાં ત્યાં પડીને ઘોરવા લાગ્યા. ચિત્તમાંથી ચેતના ઉડી ગઇ. પ્રભાતને સમયે પ્રતિક્રમણ કરવા માટે સ્થવિર મહા મહેનતે ઉઠાડે ત્યારે ઉઠે. એક વખત ઉભા રાખીને ગુરૂ મહારાજાએ સૂત્રનો પાઠ કરાવવા માંડયો. થોડીકવાર થઇ ત્યાં એકદમ [1]પ્રમિલાએ ભૂમિએ પાડી દીધા અને કોણી ઢીંચણ તથા મસ્તકમાં સારી પેઠે વાગ્યુ તો પણ તે દુષ્ટાના આવેશમાંથી મોકળા ન થયા. અનુક્રમે એવી અવસ્થા થઇ કે એક અક્ષર પણ ન ભણે, ક્રિયા કરતાં કરતાં પણ અનેક પ્રકારના ચાળા કરે, હાથ પગ મરડયા કરે અને ઉપરા ઉપર બગાસા ખાધા કરે. આ પ્રમાણેની સ્થીતિએ પરોચારીને નિદ્રા દેવીએ તેની પાસે નવી નવી રીતે નૃત્ય કરાવ્યું. બીજા સર્વે મુનિઓ પણ નિદ્રા દેવીનું આવું અનિવાર્ય પરાક્રમ જોઇને આશ્ચર્ય પામ્યા.

ઉપર પ્રમાણે સ્થિતીને પ્રાપ્ત થવાથી ધીમે ધીમે અંજળી જળની પેઠે સૂત્રનો અભ્યાસ ગળવા માંડયો. ગહન ગહન અર્થ વિસ્મૃત થઇ ગયા અને જેમ જેમ મતિનો ભ્રંશ થયો તેમ તેમ આગમનો અભ્યાસ ઝેર જેવો લાગવા માંડયો. તે અજ્ઞાને વ્યાપ્ત પુંડરિક મુનિએ નિદ્રાને અમૃત જેવી ગણી અને આખો દિવસ સુઈ રહેવા લાગ્યા. જેથી ધીમે ધીમે સૂત્રની સરવે વાતો વિસ્મૃત થઇ ગઈ.

અપૂર્ણ.

---

# वर्तमान समाचार.

**શ્રી ઘોરાજીમાં** બાબુસાહેબ વિસનચંદજી તરફથી જૈન વિદ્યાશાળાનું સ્થાપન કરવામાં આવ્યું છે. છોકરાઓ સારી સંખ્યામાં અભ્યાસ કરવા લાગ્યા છે. હાલ માસીક ખર્ચ રૂ ૨૫) નું રાખવામાં આવ્યું છે. આગળ ઉપર વૃદ્ધિ પામવા સંભવ છે

**વૈશાક વદ ૨ જે શ્રી ગોધામાં** અષ્ટોત્તરી સ્નાત્રનો મહોત્સવ સા·

---

[1] નિદ્રા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રી રીતે થયો છે એ પ્રસંગે મુનિરાજ શ્રી મોહનલાલજી દશ ઠાણા સાથે તથા મુનિરાજ શ્રી ચતુરવિજયજી ચાર ઠાણા સાથે ત્યાં હોવાથી શ્રાવક સમુદાયને વિશેષ હર્ષનું કારણ બન્યું છે.

જેઠ શુદિ ૨ જે **શ્રી ભાવનગરમાં** પન્યાસ શ્રી ગંભીરવિજયજી ગણિએ મુનિરાજ શ્રી ઉમેદ વિજયજીને ચતુર્વિધ સંઘ સમક્ષ ગણિ પદ આપ્યું છે. શ્રી સંઘ તરફથી લાડવાની પ્રભાવના કરવામાં આવી છે તથા ત્રણે જીનમંદીરોએ આંગી અને સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી છે.

**અમેરીકામાં ચીકાગો શેહેરની અંદર** આવતા સપ્ટેમ્બર માસમાં એક ધર્મ સમાજ મળનાર છે તેમાં **મુનીરાજ મહારાજ શ્રી આત્મારામજી** જેઓ હાલમાં આખા હિંદુસ્થાનમાં જૈન સમુદાયની અંદર અદ્વીતીય પંક્તિમાં છે તેઓ સાહેબને તે સમાજની એડવાઇઝરી (સૂચક) કાઊન્સીલના મેમ્બર નીમ્યા છે અને તેઓ સાહેબને બહુ માન પૂર્વક આમંત્રણ કરવામાં આવ્યું છે પરંતુ અનેક કારણોવડે તેઓ સાહેબ ત્યાં જઈ શકે તેમ નથી. મુનિરાજને માટે સમુદ્ર ઊલંઘન કરવાની જૈન શાસ્ત્રમાં સખ્ત મનાઈ છે તેથી તેઓ સાહેબે પોતાની તરફથી **શ્રાવક વીરચંદ રાઘવજી બી. એ.** જેમણે પોતાના અતિ મુલ્યવાન્ વખતનો ભોગ આપીને અત્યાર સુધીમાં જૈન સમુદાયના કેટલાએક કામો કરેલાં છે તેમને તથા **પંડીત અમીચંદજી** જેઓ શ્રાવક છે એટલુંજ નહીં પણ ઊક્ત મુનીમહારાજશ્રીની સમીપ ભાગે બહુ વખત રહીને જૈન ન્યાયાદિકનું સારૂં જ્ઞાન મેળવેલું છે તેમને મોકલવા માટે શ્રી મુંબઈના સંઘને પોતાનો વિચાર જણાવ્યો છે. જે ઉપરથી શ્રી મુંબાઈના સંઘે કેટલોક પુખ્ત વિચાર કરીને તે બંને ભાઈઓને મોકલવાનું સંઘ સમુદાયને એકત્ર કરીને સર્વાનુમતે મુકરર કર્યું છે. અને તે બંને ભાઈઓ ધર્મ ચુસ્ત હોવાથી કોઈ પણ પ્રકારના દોષમાં આવવાનો સંભવ નથી તેથી એમ ઠરાવવામાં આવ્યું છે કે “આ બંને ગૃહસ્થોને ધર્મ સંબંધી ખાસ કાર્યને માટે શ્રી સંઘ મળીને મોકલે છે અને એઓ પણ મહા સમુદ્ર ઓળંઘીને મોટું નુકશાન વેઠીને માત્ર ધર્મ નિમિત્તેજ એવી મોટી મુસાફરીએ જવાનું કબુલ કરે છે તેથી તેમના આવ્યાબાદ તેમની સાથે નાત જાતે પ્રથમ પ્રમાણેજ સંબંધ ચાલુ રાખવો.” તેઓ તા૦ ૧૪ મી જુલાઈએ સ્ટીમરની અંદર રવાને થવાના છે ત્યાર અગાઊ મુનીરાજ મહારાજ શ્રી આત્મારામજી પાસે જઈ આવનાર છે અને

For Private And Personal Use Only

આહીંથી "**જૈનોનો ઇતિહાસ તથા મુખ્ય તત્વો**" એ વિષય ઉપર એક નિબંધ તૈયાર કરીને લઈ જનારછે. જે નિબંધ ચીકાગોમાં મળનારી ધર્મ સમાજ જેનીઅંદર જુદા જુદા સુમારે ૬૦૦ ધર્મોના ૩૦૦૦ ને સુમારે સભાસદો મળનાર છે તેમની રૂબરૂમાં વાંચવા આવશે અને તેથી તે ત્યાંના વિદ્વાનોના દિલમાં એ નિબંધની અસર થશે કે તેઓ સત્યશોધક તેમજ ખોટું લાગે તે તજી દઈને ખરૂં પકડવામાં તત્પરતાવાળા હોવાથી જરૂર અનેક પ્રકારના ફાયદાઓ થશે અને જૈનધર્મની બહુજ પ્રખ્યાતી થશે. આવા હેતુ વડેજ શ્રી મુંબઇના સંઘે તેમને રજા આપી છે એવા ખબર મળ્યા છે.

**શ્રી ગીરનાર ઉપરની** આશાતના હજુ ઓછી થતી નથી. હાલમાં એ સંબંધમાં એક શ્રાવક ગૃહસ્થ લખે છે કે—હાલમાં અતરેની નાતો શ્રી ગીરનારજી ઉપર હવા ખાવા ઉજાણી કરવા ચડે છે તેથી ઝાડા પેશાબની આશાતનાનો પાર રહેતો નથી. રજસ્વલા સ્ત્રીઓ તથા અશુદ્ધ વસ્ત્ર પહેરીને બીજી ઘણી સ્ત્રીઓ તથા પુરૂષો દેરાસરજીમાં જાય છે. ઘણા પ્રકારના દુર્વ્યસનો સેવાય છે. અગાશી તરફનો પવન શ્રી નેમીનાથજીના દેરાસર તરફ આવે છે તે દુર્ગંધનો અનુભવતો ગંધ લેનારજ જાણે. એ અગાશીની સીડીએ કબજે કરવાની જરૂર છતાં અધિકારીઓના ધ્યાનમાં ઉતરતું નથી. ઉપર ચડનારી નાતોના લોકો આપણી ધર્મશાળાઓમાં તથા નેમિનાથજીની ટુંકના નાકામાં આવેલી ઓરડીઓમાં ઉતરે છે અને તેથી ત્યાં ઘણીજ આશાતના થાય છે. ભીમકુંડની આસપાસ લોકો દસ્ત જાય છે તથા તે કુંડમાં ગંદા લુગડાં ધોવાય છે એટલુંજ નહીં પણ અસ્પર્શ્ય લોકો તથા રજસ્વલા સ્ત્રીઓ સુદ્ધાંત નહાય છે અને તેજ કુંડના પાણી વડે નાહીને આપણા લોકો પુજન કરે છે. એ કુંડ સબંધમાં પણ કબજે કરવાની આપણી સત્તા છતાં અધિકારીઓ ઉંઘમાં ઉંઘે છે. ખરી જરૂર એ કુંડનો કબજે કરવાની, અગાશીનો કબજે કરવાની અને ચોકીવાળા ભાગની નાકાની ઓરડીઓમાં યાત્રાળુઓ શિવાય બીજાઓને ન ઉતરવા દેવાનો ઠરાવ કરવાની છે. અધિકારીઓ આ બાબત ઉપર લક્ષ દેય તો કાંઇ મુશ્કેલ નથી પણ લક્ષ દેવું ન દેવું તેમના હાથમાં છે."

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિ વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળા ફંડ.

પાછલા અંકમાં આપેલા લીસ્ટમાં જણાવેલા રૂ ૪૮૦ના ઉપરાંત ત્યારબાદ નીચે પ્રમાણે રૂપૈયા તે ફંડમાં ભરાયા છે.

૧૦૧ શેઠ રતનજી વીરજી શીયાળુકડવાળા. હાલ મુંબઈ

૫૧ વકીલ હીરાચંદભાઈ પીતામ્બરદાસ. શ્રી અમદાવાદ

૨૫ શા. ગોવીંદજી મીઠાચંદ. ભાવનગર. તેમની માતુશ્રીની પાછળ શુભ નિમિત્તે કહેલા તે.

૨૫ શેઠ હુકમચંદ કસળચંદ — શ્રી રાધનપુર

૧૫ શા. ગોપાળજી કરશન — ભાવનગર

૧૦ શેઠ. જગાભાઈ છોટાભાઈ — મુંબઈ

૧૦ શા. છગન ઘેલા — ભાવનગર

૫ શા. કકલ દેવચંદ — ભાવનગર

૫ શા. વલભજી હીરજી — શ્રી કલકત્તા

૫ બાઈ જેકુંવર શા. વલભજી હીરજીની દીકરી ગુજરી જતાં પાછળ શુભ નિમિતે કહેલા તે

૨ શા. વનમાળી દામજી — ભાવનગર

૨ શા. પરશોતમ મોતી — ભાવનગર ગુજરી જતાં શુભ ખાતે

૧ શા. ઝવેર દામજી — ભાવનગર

૨૫૭ કુલ રૂ ૫૦૬રા થયા છે.

ઉપર પ્રમાણે રૂ. ૨૫૭) દરેક ગૃહસ્થોના આભાર સાથે સ્વીકારવામાં આવ્યા છે. મિતિ અષાડ પ્રથમ શુદિ ૧

કુંવરજી આણંદજી
મુનિ વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળા વ્યવસ્થાપક
કમીટીના મંત્રી.

For Private And Personal Use Only